ઈન્વર્ડ ક્લાર્ક
23 JUN 2016
કચેરી અધિક્ષક

અમદાવાદ ખાતે ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ શરૂ કરવા માટે સને -૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં મંજુર થયેલ રૂા.૧૨.૯૬ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૬૦ /નબા.૪/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૦/૦૬/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૧૬/૨/૨૦૧૬ના પત્ર ક્રમાંક:- સસુખા/ યજન/ ૨૦૧૫-૧૬/૪૯

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૬/૫/૨૦૧૬ના પત્ર ક્રમાંક:- સસુખા/ યજન/ ૨૦૧૬-૧૭/૧૨૯

પ્રસ્તાવના:-

જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ-૨૦૦૦ ની કલમ-૩૪ માં કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના પુન:સ્થાપન માટે ચિલ્ડ્રન હોમની સ્થાપના રાજ્ય સરકાર અથવા સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી કરશે તેવી જોગવાઇ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તા-૧૪/૨/૨૦૧૧ ના જાહેરનામા NO.GH/SH/2/2011/JJA-102008-1640-CHH થી અમલમાં આવેલ કિશોર ન્યાય ગુજરાતના નિયમો-૨૦૧૧ ના નિયમ -૩૦ ના પેટા નિયમ-૧ મુજબ રાજ્ય સરકાર સ્વયં અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સહકારમાં, જેને કાળજી અને રક્ષણની જરૂર હોય તેવાં બાળકો માટે અલગ ગૃહોની સ્થાપના કરશે અને પેટા નિયમ- (ડી) મુજબ બંન્ને જાતિના દસ વર્ષથી નીચેના બાળકને એકજ ગૃહમાં રાખી શકશે પરંતુ ૫ થી ૧૦ વર્ષની વયજુથના છોકરા અને છોકરીઓ માટે અલગ સુવિધાઓ જણાવવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં છોકરીઓ માટે જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ ઓઢવ, મહિપતરામ રૂપરામ આશ્રમ સંચાલિત બાળગૃહ, વિકાસ ગૃહ પાલડી સંચાલિત બાળગૃહ આવેલા છે. પરંતુ છોકરાઓ માટે બાળગૃહ આવેલ ન હોય અમદાવાદ જિલ્લામાં સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ શરૂ કરવા નીચેની બાબતે નવી બાબાત-૧૬-૧૭ના વર્ષ માટે મંજુર કરવામાં આવેલ છે.

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર.નં- D.O.NO.14-3/2012-CW-II(VOL.IV) Date- 3/3/2014 થી અમલમાં આવેલ ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS)ની ગાઇડ લાઇનમાં ૫૦ બાળકો/ કિશોરોને સંસ્થાકીય સંભાળ ઉપલબ્ધ કરવા માટે અંદાજિત ખર્ચ રૂ.૧૨.૯૬ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૬-૧૭ માટે કરવામાં

આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સંસ્થાઓમાં **પ્રવર્તમાન પગાર ધોરણ** લાગુ પડશે. નવા સ્થાપાયેલા ગૃહોમાં કર્મચારીઓ ૧૧ માસના કરારના **ધોરણે નિમાશે અને તેમની** નિયમીત નિમણૂંક કરાશે નહિં તેવી જોગવાઇ છે.

ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) અનવ્યે ૬૦ : ૩૦ : ૧૦ **પેટર્ન મુજબ** ૬૦% લેખે રૂ/- ૨૧,૬૬,૦૦૦ કેન્દ્ર સરકાર પાસેથી મળવાપાત્ર થશે. જ્યારે ૩૦% મુજબ **રૂ/-** ૧૦,૮૩,૦૦૦ નો ખર્ચ રાજ્ય સરકારને ભોગવવાનો થશે અને ૧૦% મુજબ રૂ/-૩,૬૧,૦૦૦ **નો** ખર્ચ જે તે સ્વૈચ્છિક સંસ્થાએ ભોગવવાનો થશે. પરંતુ પ્રથમ વર્ષે ગ્રાન્ટ ઇન કોડ ૧૯૯૨ ની જોગવાઇ મુજબ સ્વૈચ્છિક સંસ્થાને ફક્ત કર્મચારીઓના પગાર ખર્ચના ૯૦% લેખે મળવાપાત્ર થશે. જે અનુસાર પગાર ખર્ચની કુલ રકમ રૂ. ૧૪.૪૦ લાખના ૯૦% લેખે રૂ. ૧૨.૯૬ લાખની જરીયાત રહેશે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લઇ અમદાવાદ ખાતે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ શરૂ કરવા માટે વંચાણે લીધેલા ક્રમાંક:-(૧)ના નિયામકશ્રીના (સ.સુ)ના તા.૧૬/૨/૨૦૧૬ના પત્રથી મંજૂર કરવા રજૂ કરેલ નવી બાબત સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ છે. આ નવી બાબત અન્વયે વંચાણે લીધેલા ક્રમાંક: -(૨)ના નિયામકશ્રી (સ.સુ.) ના તા.૬/૫/૨૦૧૬ના પત્રથી સદરહુ બાબતે રૂા. ૧૨.૯૬ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૨)ના તા-૬/૫/૨૦૧૬ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ બાળ ગોકુલમ પેટર્ન મુજબ અમદાવાદ ખાતે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ શરૂ કરવા માટે સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં મંજૂર થયેલ સદરહુ બાબતે રૂા.૧૨.૯૬ ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઇ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહશે.

(૮) આ કામ ના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકાર ના ઉધોગ અને ખાણ વિભાગના તા.-૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબત અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા- ૭/૬/૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એલ. ભગોરા )
ઉપસચિવ
સમાજિક ન્યાય અને અધિકારીતા
વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક્નં- ૧૬, ડૉ. જીવરાજ મેહતા ભવન, જુનાં સચિવાલય ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક્નં- ૧૬, ડૉ. જીવરાજ મેહતા ભવન, જુનાં સચિવાલય ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા. ન્યા.), નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક્નં- ૧૬, ડૉ. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક્નં- ૧૬, ડૉ. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- છ-૧ શાખા/ બજેટશાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ